ગાંધીનગર સમાચાર

# દિલ્હીમાં રેકોર્ડ મતદાન કરવા લોકોને નરેન્દ્ર મોદીની અપીલ

નવીદિલ્હી,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી પહેલા ઝંઝાવતી ચૂંટણી પ્રચારનો દોર આજે જારી રાખ્યો હતો અને હરીફ પક્ષો ઉપર આક્ષેપોનો મારો ચલાવ્યો હતો. દક્ષિણ દિલ્હીમાં આંબેડકરનગર ખાતે વિશાળ રેલીને સંબોધતા મોદીએ ખાતરી આપી હતી કે, દિલ્હીના ચહેરાને તેઓ બદલવા માંગે છે. રેકોર્ડ સંખ્યામાં મતદાન કરવા મોદીએ લોકોને અપીલ કરી હતી. જમ્મુ કાશ્મીર અને હરિયાણામાં હાલમાં જ રેકોર્ડ મતદાન થયું હતું. દિલ્હીમાં આના કરતા પણ વધુ મતદાન થવું જોઈએ. લોકોના અવાજને સાંભળવા માટે તેઓ અહીં પહોંચ્યા છે. દિલ્હીમાં ભાજપની સરકાર સ્પષ્ટપણે બની રહી છે. તેમના બાળકોની ચિંતાથી તેવો વાકેફ છે. ખોટી વાત કરી રહેલા લોકોથી હતાશ થવાની જરૂર નથી. ભાજપ વિકાસના મંત્ર સાથે આગળ વધવા કટિબદ્ધ છે. સરકાર ભારતના યુવાનોને રોજગારી આપવા માટે કામ કરી રહી છે. ફેક્ટરીઓ સ્થાપિત કરવા માટે વર્લ્ડની કંપનીઓને તેવો કહી ચુક્યા છે. પરિવર્તનની ખુબ જરૂર છે. આજ કારણસર મેક ઈન ઈન્ડિયાની શરૂઆત કરાઈ છે. ૧૦ કરોડ લોકોના બેંક ખાતા ખોલી ચુક્યા છે. એલપીજી સબસિડી માટે ડાયરેક્ટ કેશ ટ્રાન્સફરની શરૂઆત થઈ છે. અમે માત્ર ભ્રષ્ટાચાર સામે નિવેદનો કરતા નથી પરંતુ તેને રોકવા પગલા પણ લઈ રહ્યા છીએ. ચૂંટણી આવશે અને જશે પરંતુ દેશના લોકોને વિભાજિત કરવાના પ્રયાસો થવા જોઈએ નહીં. ૧૯૮૪ રમખાણોના ભોગ બનેલા લોકોને ન્યાય મળે તે જરૂરી છે. ૧૯૮૪ રમખાણો માટે સીટની રચના થઈ ચુકી છે. કેટલાક લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા છીએ. ઉત્તર પૂર્વના વિકાસની પણ તેવોએ વાત કરી હતી. મોદીએ કબૂલાત કરી હતી કે, ભાજપના વિઝન દસ્તાવેજમાં ભુલથી ઈમિગ્રન્ટ તરીકે ઉત્તરપૂર્વના લોકોનો ઉલ્લેખ થઈ ગયો હતો. આ ચોક્કસપણે ભુલ હતી જેને અમે સ્વીકારીએ છીએ. લોકો ભુલ કરનાર લોકોને માફ કરે છે પરંતુ એવા લોકોને ક્યારે માફ કરતી નથી જે લોકો લોકોને મુરખ બનાવે છે. લોકો ખુબ જ હોશિયાર છે. ઈમાનદાર અને છેતરપિંડી કરનારને ઓળખે છે. હરીફ લોકો તેમની જીતને પચાવી શકતા નથી. એક ચા વેચનાર વડાપ્રધાન કઈ રીતે બની ગયા છે તે બાબતથી ચિંતિત છે. દિલ્હીને વિકાસની દિશામાં આગળ વધારવા બહુમતિ અને મજબૂત સરકારની જરૂર છે. બહુમતિ સરકાર સાથે જ્યારે પણ તેવો એક વિદેશી નેતા સાથે હાથ મિલાવે છે ત્યારે ૧.૨૫ અબજ ભારતીયોની તાકાત તેમનામાં નજરે પડે છે. ગરીબ લોકોના જીવન ધોરણને બદલવા માટે નવી સરકાર જરૂરી છે. તેમની વિકાસની રાજનીતિ રહી છે. દિલ્હીમાં નરેન્દ્ર મોદીની આજે છેલ્લી રેલી યોજાઈ હતી. આવતીકાલે ચૂંટણી પ્રચારનો અંત આવશે. મોદીએ અગાઉ દક્ષિણ દિલ્હીમાંથી ભાજપના ઉમેદવારોને રજૂ કર્યા હતા.




# મેક ઈન ઈન્ડિયાની વાત થાય છે પણ શૂટ પહેરે છે વિદેશી : રાહુલ

નવી દિલ્હી,તા. ૪

દિલ્હી વિધાનસભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે ચૂંટણી પ્રચાર ચરમસીમા પર છે. આજે કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ પણ આક્રમક ચૂંટણી પ્રચાર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર પ્રહાર કર્યા હતા. રાહુલ ગાંધીએ આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે, મોદી મેક ઈન ઈન્ડિયાની વાત કરી રહ્યા છે પરંતુ તેઓ બ્રિટનમાં બનેલા વસ્ત્રો પહેરી રહ્યા છે. રાહુલે દિલ્હીમાં ચૂંટણી પ્રચાર રેલીમાં વડાપ્રધાન સામે પ્રહાર કરતા કહ્યું હતું કે, મેક ઈન ઈન્ડિયા માટે માર્કેટિંગમાં કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવી ચુક્યા છે પરંતુ ભારતમાં કોઈ ચીજ બની નથી. મોદી પોતે ૧૦ લાખ રૂપિયાની કિંમતના વસ્ત્રો પહેરી રહ્યા છે પરંતુ આ વસ્ત્રો પણ ભારતમાં બનેલા નથી. મોદીના વસ્ત્રો યુકેમાં બનેલા છે. રાહુલે કહ્યું હતું કે, અમેરિકી પ્રમુખ બરાક ઓબામાની યાત્રા દરમિયાન મોદીએ વિશેષ પ્રકારના વસ્ત્રો પહેર્યા હતા જેમાં મોનોગ્રામ્ડનો ઉપયોગ કરાયો હતો. નરેન્દ્ર દામોદરદાસ મોદી તેમના શૂટમાં લખવામાં આવ્યું હતું. ઉત્તર દિલ્હીમાં આઝાદપુર ખાતે બોલતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન ઉપર થોડાક ઉદ્યોગપતિઓ માટે કામ કરવાનો તેમના ઉપર આક્ષેપ કર્યો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે, પેટ્રોલ અને ડિઝલની કિંમતો ઘટી છે પરંતુ મોંઘવારીમાં ઘટાડો થયો નથી. આંતરરાષ્ટ્રીય માર્કેટમાં તેલ કિંમતોમાં ઘટાડાનો લાભ ખિસ્સામાં જઈ રહ્યો છે. મોદી ચારથી પાંચ બિઝનેસ મિત્રો ધરાવે છે. રાહુલ ગાંધી ખાસ અંદાજમાં પ્રચાર કરીને કોંગ્રેસની તરફેણમાં માહોલ સર્જવાના પ્રયાસ કર્યા હતા. જો કે, હાલના મોટાભાગના સર્વે કોંગ્રેસની હાલત ખુબ જ કફોડી બતાવી રહ્યા છે. દિલ્હીમાં ચૂંટણી પ્રચારનો આવતીકાલે અંત આવશે. રાહુલ ગાંધીએ અનેક મુદ્દા ઉપર વડાપ્રધાનને મુશ્કેલીમાં મુકવાના પ્રયાસ કર્યા હતા. જયંતિ નટરાજનના આરોપ અંગે પણ જવાબ આપ્યા હતા. મોદીએ લોકસભા ચૂંટણી દરમિયાન ઘણા વચન આપ્યા હતા તે વખતે તેઓએ કહ્યું હતું કે, એક વ્યક્તિ ભારતને બદલી શકે નહીં. ભાવ વધારા અને બેરોજગારીના મુદ્દે પણ મોદી પર પ્રહાર કર્યા હતા. મોદી લોકોને માત્ર વચન અને સ્વપ્ન બતાવી રહ્યા છે પરંતુ વચનો પુરા કરતા નથી. એએપીને ભાજપના એજન્ટ તરીકે ગણાવીને રાહુલે તેની પણ ઝાટકણી કાઢી હતી. ભાજપ અને એએપી બંને દ્વારા ખોટા વચનો આપવામાં આવી રહ્યા છે જેથી તેમની જાળમાં ન ફસાવવા લોકોને કહ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસના મુખ્યમંત્રી તમામ માટે આશ્રય સ્થાનની ખાતરી કરશે. સરકારના પ્રથમ સપ્તાહમાં જ કોન્ટ્રાક્ટના મજુર કામનો અંત લાવવામાં આવશે. છ મહિનાની અંદર સસ્તી વિજળી અને પાણીની સુવિધા ઉભી કરાશે. ગેરકાયદે કોલોનીના નિવાસીઓ અંગે રાહુલે બે વર્ષમાં દિલ્હીના લોકોને માલિકીના અધિકાર આપવાની વાત પણ કરી હતી.



# પાયલોટને જીવતો સળગાવાયા બાદ બે જેહાદીને ફાંસી

## જોર્ડનના પાયલોટ સાથે ખરાબ વર્તન બાદ જોર્ડનની કાર્યવાહી

કેરો,તા. ૪

ઈરાક અને સિરિયામાં કેટલાક ભાગોમાં પ્રભુત્વ ધરાવનાર ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએસના ત્રાસવાદીઓએ બાનમાં પકડી લેવામાં આવેલા જોર્ડનના પાયલોટને જીવતો સળગાવી દેવામાં આવ્યાના કલાકો બાદ જ જોર્ડનને પણ જેવા સાથે તેવાના ભાગરુપે કઠોર કાર્યવાહી કરીને અલકાયદાના બે જેહાદીઓને તરત ફાંસી આપી દીધી હતી જેમાં એક ઈરાકી મહિલા બોંબરનો પણ સમાવેશ થાય છે. આ મહિલા બોમ્બરને બંધકોના બદલે છોડી દેવા આઈએસ દ્વારા માંગ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૫માં અમ્માનમાં હોટલ બોંબિંગમાં સંડોવાયેલી અલકાયદાની ઈરાકી મહિલા આત્મઘાતી બોંબર સાજીદા અલ રિસાવીને આજે જોર્ડન સરકાર દ્વારા ફાંસી આપી દેવામાં આવી હતી. અગાઉ પણ જોર્ડને કઠોર કાર્યવાહી કરીને અન્ય એકને પણ ફાંસી આપી હતી. અગાઉ જોર્ડનના બાનમાં પકડી લેવામાં આવેલા પાયલોટને જીવતો સળગાવી દેવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. આઈએસ દ્વારા આ પાયલોટને બાનમાં પકડી લેવામાં આવ્યા બાદ તેને જીવતો સળગાવાયો હતો. એક અમાનવીય વિડિયો આઈએસ દ્વારા જારી કરવામાં આવ્યો હતો. ૨૨ મિનિટ લાંબા આ વિડિયોમાં પાયલોટ જેલમાં જીવતો સળગતો નજરે પડે છે. જોર્ડનના પાયલોટ મોઆઝને ગયા વર્ષે ડિસેમ્બરમાં આઈએસ દ્વારા બાનમાં પકડી






લેવાયો હતો. જોર્ડનને અગાઉ પુરાવાની માંગ કરી હતી. જોર્ડન આઈએસ વિરોધી અમેરિકી ગઠબંધનના ભાગરુપે છે. તેના દ્વારા ઈરાકમાં અને સિરિયામાં આઈએસના અડ્ડા ઉપર હવાઈ હુમલા કરવામાં આવી ચુક્યા છે. સપ્ટેમ્બર બાદથી ઈરાક અને સિરિયામાં હવાઈ હુમલા કરાઈ રહ્યા હતા. જોર્ડનના પાયલોટનું વિમાન પ્રથમ ગઠબંધન વિમાન હતું જે તુટી પડ્યું હતું. જોર્ડનના ટીવી ઉપર આ બનાવ બાદ ખળભળાટ મચી ગયો છે. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા અને કિંગ અબ્દુલ્લા-૨ દ્વારા આની નિંદા કરવામાં આવી છે.

વિડિયોની પ્રમાણિકતાને લઈને અહેવાલ આવ્યા નથી. આ વિડિયોની ચર્ચા જોવા મળી રહી છે. એક ઈમેજમાં આઈએસ ત્રાસવાદી પાઈલોટને બળજબરીપૂર્વક એક જગ્યાએ લઈ જવાતો દર્શાવવામાં આવ્યો છે. જાપાની પત્રકારની હત્યા કરવામાં આવ્યા બાદ જોર્ડનમાં પણ આઈએસના સકંજામાં ફસાઈ ગયેલા પાઈલોટને લઈને ચિંતા હતી.

# તાઈવાનના વિમાનની નદીમાં જળ સમાધી : મૃતાંક ૧૯

તાઈપેઈ, તા. ૪

તાઈવાની ટ્રાન્સએશિયા એરવેઝનું વિમાન ઉડાણ ભર્યા બાદ ટૂંકમાં જ નદીમાં ગરકાવ થઈ જતાં મોતનો આંકડો વધીને ૧૯ ઉપર પહોંચી ગયો છે. મોતનો આંકડો વધે તેવા સંકેત છે. બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. મૃતાંક ૧૯ પહોંચ્યા બાદ બચાવ કામગીરીમાં સામેલ અધિકારીઓએ કહ્યું છે કે, હજુ પણ મૃતદેહ હાથ લાગી શકે છે. કારણ કે તમામને બચાવી શકાયા નથી. વિમાનનો કાટમાળ નદીના પાણીમાં ડુબી ગયો છે જેથી યાત્રીઓને બચાવવાની બાબત મુશ્કેલરુપ બની ગઈ છે. ટ્રાન્સએશિયા એરવેઝનું વિમાન ફ્રેન્ચ બનાવટનું એટીઆર-૭૨ ટર્બોપ્રુફ વિમાન હતું જે પાટનગર શહેર તાઈપેઈથી કિનમેન તરફ જઈ રહ્યું હતું. સોંગસન વિમાની મથકથી સવારે સ્થાનિક સમય મુજબ ૧૦.૪૫ વાગે ઉડાણ ભરી હતી અને ૧૦ મિનિટના ગાળા બાદ વિમાન ફ્લાઈટ કન્ટ્રોલર સાથેનો સંપર્ક ગુમાવી દીધો હતો અને આ વિમાન તાઈપેઈમાં કિલંગ નદીમાં તુટી પડ્યું હતું. સમાચાર સંસ્થાએ કહ્યું છે કે, નાનહુ બ્રિજ સાથે વિમાન અથડાયા બાદ તે નદીમાં તુટી પડ્યું હતું. પાયલોટે વિમાનને અંકુશમાં લેવાના પ્રયાસ કર્યા હતા પરંતુ વિમાનની પાંખો ટેકસી સાથે અથડાઈ હતી. ઘણી સમાચાર સંસ્થાઓ દાવો કર્યો છે કે, આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં સગા સંબંધીઓમાં ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. તાઈપેઈ ફાયર ડિપાર્ટમેન્ટ દ્વારા ૧૬ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. અન્યોની શોધખોળ ચાલી રહેલી છે. વિમાનમાં ૩૧ ચીની પ્રવાસી હતા. ટ્રાન્સ એશિયા દ્વારા યાત્રીઓની માફી માંગવામાં આવી છે. ટ્રાન્સ એશિયાનું વિમાન જુલાઈ ૨૦૧૪માં પણ તુટી પડ્યું હતું તે વખતે ૪૯ લોકોના મોત થયા હતા.



# ભારતના હજ ક્વોટા માટે ૧૩૬૦૨૦ યાત્રી ફિક્સડ

નવીદિલ્હી,તા. ૪


વર્ષ ૨૦૧૫ માટે ભારત માટે હજ ક્વોટાને નક્કી કરવામાં આવી ચુક્યો છે. ભારત અને સાઉદી અરેબિયા વચ્ચે વાર્ષિક હજ સમજૂતિ થયા બાદ ભારત માટે હજ ક્વોટા ૧૩૬૦૨૦ યાત્રીઓ નક્કી કરવામાં આવ્યો છે. વિદેશી બાબતોના રાજ્યપ્રધાન વીકે સિંહ અને હજ માટેના સાઉદી પ્રધાન હજબંદર વચ્ચે સમજૂતિ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સાઉદી અરેબિયાની યાત્રા દરમિયાન પ્રધાન વીકે સિંહ બંદરને મળ્યા હતા અને હજ ૨૦૧૫ માટેની વ્યવસ્થા સાથે સંબંધિત મુદ્દાઓ ઉપર ચર્ચા વિચારણા કરી હતી. ભારત માટે નક્કી કરવામાં આવેલા ક્વોટા પૈકી ૧૦૦૦૨૦ શ્રદ્ધાળુ હજ કમિટિ ઓફ ઈન્ડિયા મારફતે સાઉદી પહોંચશે જ્યારે બાકીના ૩૬૦૦૦ શ્રદ્ધાળુ ખાનગી ટુર ઓપરેટર મારફતે હજ પહોંચનાર છે. પ્રધાન સાથેની વાતચીત દરમિયાન સિંહે કિંગ અબ્દુલ્લાના મૃત્યુ અંગે દુખ વ્યક્ત કર્યું હતું. હજ ક્વોટાને નક્કી કરવામાં આવ્યા બાદ ભારતીય શ્રદ્ધાળુઓને વધુ રાહત મળી શકે છે. સાઉદી અરેબિયામાં હજ માટે ભારતમાંથી પણ લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. ભારતીય શ્રદ્ધાળુઓને વધુ રાહત મળે તે માટે પગલા લેવામાં આવી રહ્યા છે. હજ દરમિયાન માત્ર ભારતમાંથી જ નહીં બલ્કે સમગ્ર વિશ્વમાંથી સાઉદીમાં લોકો પહોંચે છે. સાઉદી અરેબિયામાં હજ દરમિયાન કરોડો લોકો એકત્રિત થાય છે. તેમને સુવિધા આપવા માટે તમામ પગલા લેવામાં આવે છે. હજમાં વારંવાર બનતી ઘટનાઓને રોકવા માટે પણ છેલ્લા ઘણા વર્ષથી પગલા લેવામાં આવ્યા છે જેનો સીધો ફાયદો એ થયો છે કે, તાજેતરના વર્ષોમાં હજ યાત્રા દરમિયાન કોઈ મોટા બનાવો બન્યા નથી. હજ યાત્રા દરમિયાન યાત્રીઓને લઈને વીકે સિંહ અને હજ બંદર વચ્ચે સીધી વાતચીત થઈ હતી.

# રિયલ એસ્ટેટ સેક્ટરમાં ઘણી રાહત આપવાની માંગ કરાઈ

## ઇન્કમ ટેક્સની કલમ ૮૦ આઇબી(૧૦)ને ફરી રજૂ કરવા રજૂઆત કરાઇ

નવી દિલ્હી,તા. ૪

વર્ષ ૨૦૧૫-૧૬ના સામાન્ય બજેટ આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જુદા જુદા ક્ષેત્રો દ્વારા માંગ કરવામાં આવી રહી છે. હવે દેશના રિયલ એસ્ટેટ સેક્ટર દ્વારા પોતાની માંગની યાદી રજૂ કરી ધી છે. વર્ષ ૨૦૨૨ સુધી તમામ માટે ઘર અને ૧૦૦ સ્માર્ટ સિટિ બનાવવાની જાહેરાત મોદી સરકારે કરી છે ત્યારે આ વખતે બજેટ રજૂ કરતી વેળા કેટલીક બાબતોને ધ્યાનમાં લેવાની ખાસ જરૂર પડશે. સેક્ટર દ્વારા કહેવામાં આવ્યું છે કે પ્રથમ બજેટમાં સરકારે વર્ષ ૨૦૨૨ સુધી તમામને પોષાય તેવા દરે આવાસની જાહેરાત કરી હતી પરંતુ હવે તેને અમલી બનાવવા માટેનો સમય છે. પોષાય તેવા દરે આવાસની નિતી અને હાઉસિંગ સેક્ટરમાટે ઈન્ડસ્ટ્રીઝ સ્ટેટસ ની માંગ કરવામાં આવી છે. ક્રેડાઈના ચેરમેન લલિત કુમાર જૈન દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. નિષ્ણાંતો માને છે કે રેપો રેટમાં હાલમાં કાપની હિલચાલ હકારાત્મક પગલા તરીકે છે. જો કે આ કાપ પુરતો નથી પરંતુ સ્થિતીને હળવી કરવા માટે ઓલ લિક્વિડિટી કડક પગલાને હળવા કરવાની જરૂર છે.ભાડા પર રહેલી નિવાસી સંપત્તિ પર ટેક્સ રાહતોથી સેક્ટરમાં વેગ આવશે. વર્તમાન સ્થિતીને રજૂ કરતા નિષ્ણાંતોએ કહ્યું છે કે રેન્ટલ ઈન્કમ અથવા તો ભાડાની આવકને સામાન્ય કરપાત્ર આવક તરીકે ગણવામાં આવે છે.આના કારણે દેશમાં ભાડાના આવાસ સેક્ટરમાં તેજી આવી શકે છે. ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ઈન્કમ ટેક્સ એક્ટની કલમ ૮૦ આઈબી (૧૦) હેઠળ ટેક્સ લાભ ફરી શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨ સુધી તમામ માટે આવાસના ટાર્ગેટને પહોંચી વળવા અને સપ્લાય ગેપને દુર કરવા આ અંગેની માંગ કરવામાં આવી છે. સરકારે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સને વહેલી તકે પ્રસાર કરવાની માંગ કરવામાં આવી છે.



# મહારાષ્ટ્રમાં હાલ કૃષિ કટોકટી : સમયસર બજેટ ફાળવણી કરવા ખેડૂતોની ઉગ્ર માંગ

નાગપુર,તા. ૪


દુષ્કાળગ્રસ્ત વિદર્ભ પ્રદેશમાં ચાવીરુપ ખેડૂતોના ગ્રુપ જન આંદોલન સમિતિ દ્વારા કેન્દ્ર પાસેથી સમયસર અંદાજપત્રીય ફાળવણીની માંગ કરી છે. ક્રેડિટ ઉપર ધ્યાન કેન્દ્રિત કરીને ગંભીર કૃષિ કટોકટીને દૂર કરવા બજેટની ફાળવણી કરવા કહેવામાં આવ્યું છે. ક્રેડિટ, ખર્ચ અને પાક મુદ્દા પર ધ્યાન આપવાની જરૂર છે. મહારાષ્ટ્રમાં વિદર્ભ પ્રદેશમાં દુષ્કાળ, દેવાની સ્થિતિ અને પાક નિષ્ફળ જવાના કારણે ભૂતકાળમાં ઘણા ખેડૂતો આત્મહત્યા કરી ચુક્યા છે. મહારાષ્ટ્રમાં ૬૦ ટકા ગામો દુષ્કાળનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે પણ અસર થઈ હતી. રાજ્યમાં હાલ ૯૦ લાખ ખેડૂતોને અસર થઈ છે. રાજ્યના કુલ ૩૯૪૫૩ ગામો પૈકી ૨૩૮૧૧ ગામમાં કટોકટી ઉભી થઈ છે. કારણ કે, ખરીફ પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. વિદર્ભ પ્રદેશમાં ૨૦૦૮ બાદથી ચોથી વખત દુષ્કાળની સ્થિતિ ઉભી થઈ છે. આ ગાળા દરમિયાન દેવામાં ડુબી ગયેલા ૪૦૦૦૦ ખેડૂતો આત્મહત્યા કરી ચુક્યા છે.

# પોકમાં કેટલાક પાકિસ્તાની જવાનોને ચીન દ્વારા તાલીમ


નવી દિલ્હી,તા. ૪

ભારતીય સુરક્ષા સંસ્થાઓએ ધડાકો કર્યો છે કે ચીન જમ્મુ કાશ્મીરમાં ભારત અને પાકિસ્તાનની સરહદ પર પાકિસ્તાની બાજુએ તેના જવાનોને ટ્રેનિંગમાં વ્યસ્ત છે.ભારત અને અમેરિકા વચ્ચે સંબંધ મજબુત બની રહ્યા છે ત્યારે પાકિસ્તાને હવે ચીન પર નજર કેન્દ્રિત કરી છે. બીએસએફના ગુપ્તચર અહેવાલમાં આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. અહેવાલમાં દાવો કરાયો છે કે રાજોરી સેક્ટરના આંતરરાષ્ટ્રીય સરહદની પેલે પાર ચીની જવાનો પાકિસ્તાની જવાનોને ટ્રેનિંગ આપી રહ્યા છે. હથિયાર અને અન્ય ટેકનિકલ ટ્રેનિંગ અપાઈ રહી છે. ચીની જવાનો ટ્રેનિંગ આપતા નજરે પડી ચુક્યા છે. આ કવાયત પાકિસ્તાનના અગ્રીમ સંરક્ષણ સ્થળ પર ચાલી રહી છે. એવુ પણ જાણવા મળ્યું છે કે શ્રીગંગાનગર સેક્ટરના પેલે પાર પણ કેટલાક પાકિસ્તાની લશ્કરી યુનિટે ચોકીઓ પર રેજર્સની જગ્યા લઈ લીધી છે. એટલુ જ નહી પંજાબના અબોહર અને ગુરદાસપુર સેક્ટરની નજીક પાકિસ્તાને નવા વોચ ટાવર સ્થાપિત કર્યા છે. સરહદ પર વાતચીત મારફતે સંકેત મળ્યા છે કે પાકિસ્તાની સેના અને રેજર્સ ભારતીય સેનિકો અને સંપત્તિને ટાર્ગેટ બનાવવા માટે વ્યુહાત્મક સ્થવો પર તેમજ ચોકીઓ પર શાર્પ શુટરો ગોઠવવાની યોજના ધરાવે છે.

બીએસએફની ગુપ્તચર ટીમે કહ્યું છે કે આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખાની આસપાસ પાકિસ્તાની સેનાના કમાન્ડો તૈનાત કરવામાં આવી રહ્યા છે. જે હુમલો કરી શકે છે. બોર્ડર એક્શન ટીમ દ્વારા ભારતીય ક્ષેત્ર પર હુમલો કરવામાં આવી શકે છે. ગુપ્તચર શાખાએ એમ પણ કહ્યું છે કે પાકિસ્તાનના સિયાલકોટમાં ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. જે જમ્મુ કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી દરમિયાન હુમલાના પ્રયાસ કરી શકે છે.



# રોડ શો દરમિયાન કિરણ બેદી ભાવનાશીલ બન્યા



નવી દિલ્હી,તા. ૪

દિલ્હી વિધાનસભાની ચૂંટણી પહેલા આજે ભાજપના મુખ્યમંત્રી પદના ઉમેદવાર એકાએક રોડ શો દરમિયાન ભાવનાશીલ બની ગયા હતા અને રડી પડ્યા હતા. તેમણે કહ્યું હતું કે, તેમની સેવા કરીને લોકોનો પ્રેમ તેઓ પરત આપશે. કૃષ્ણનગર મતવિસ્તારમાં રોડશો ખાતે કિરણ બેદી લોકોની ભીડને જોઈને તથા લોકોના પ્રેમને જોઈને ભાવનાશીલ બની ગયા હતા. કિરણ બેદી કૃષ્ણનગર મતવિસ્તારમાંથી તેમની પ્રથમ ચૂંટણી લડી રહ્યા છે. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી કિરણ બેદીને મુખ્યરીતે કડક ઓફિસર તરીકે ગણવામાં આવતા હતા પરંતુ તેમનો આ ચહેરો પણ મતદારોને જોવા મળ્યો હતો. તેમણે કહ્યું હતું કે, સંપૂર્ણ ઈમાનદારી સાથે લોકોની સેવા કરશે. કેજરીવાલ એવી વ્યક્તિ છે જે હેમેશા સમાચારમાં રહેવા ઈચ્છુક હોય છે. લાંબા સમયથી તેઓ કેજરીવાલને ઓળખે છે. નકારાત્મકતા તેમનામાં રહેલી છે.

# નિતિશ મુખ્યપ્રધાન તરીકે ફરી જવાબદારી સંભાળે તેવા સંકેત

પટણા,તા. ૪

બિહારના મુખ્યપ્રધાન તરીકે નિતિશ કુમાર ફરી એકવાર જવાબદારી સંભાળી લેવા માટેની તૈયારીમાં છે. જેથી એવા સંકેત મળી રહ્યા છે કે મુખ્યપ્રધાન જીતનરામ માંઝીની હકાલપટ્ટી કરવામાં આવશે. નિતિશકુમારને ફરી મુખ્યમંત્રી બનાવવામાં આવે તેવી જેડીયુના ધારાસભ્યોની માંગણીને સાથી પક્ષ આરજેડીએ પણ લીલીઝંડી આપી હોવાના સંકેત મળ્યા છે. આરજેડીના નેતા લાલૂ યાદવની પણ આવી જ ઈચ્છા છે. બિહારમાં ચૂંટણી વેળા નિતિશકુમાર મુખ્યમંત્રી તરીકે રહે તેવી ધારાસભ્યોની ઈચ્છા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ જેડીયુના મોટા ભાગના ધારાસભ્યો નિતિશ કુમારની તરફેણ કરી રહ્યા છે. જેથી ધારાસભ્યોની માંગ સમક્ષ ઝુંકીને આ નિર્ણય કરવામા આવે તેવી શક્યતા છે. આ વર્ષે જ આ નિર્ણય કરવામાં આવી શકે છે. કારણ કે બિહારમાં વિધાનસભાની ચૂંટણી ટુંક સમયમાં યોજાનાર છે. નિતિશ કુમાર મુખ્યપ્રધાન તરીકે બિહારમાં પ્રચાર કરે તેવી શક્યતા છે. જીતન રામ એકપછી એક અનેક વિવાદ હેઠળ રહ્યા છે. રાષ્ટ્રીય જનતા દળના વડા લાલુ યાદવે પણ એવી ઈચ્છા વ્યક્ત કરી છે કે નિતિશની તરફેણમાં માહોલ સર્જવા માટે તેમના મુખ્યપ્રધાન તરીકે રહેવાની બાબત જરૂરી છે. જનતા પરિવારના મર્જર પહેલા બિહારમાં વિધાનસભાની ચૂંટણી યોજનાર છે. બિહાર ચૂંટણી પર તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે નિતિશ કુમાર પણ મોટી જવાબદારી ફરી સંભાળી લેતા પહેલા ધારાસભ્યોને મળનાર છે. ગયા સપ્તાહમાં જ નિતિશ કુમારે માઝીની હકાલપટ્ટી કરવાની અટકળોનો અંત આવ્યો હતો. માંઝીની હકાલપટ્ટી કરવાની માંગ છેલ્લા કેટલાક દિવસથી કરવામાં આવી રહી છે. સાથે સાથે મિડિયામાં અહેવાલો પણ આવી રહ્યા છે. લાલુ અને નિતિશ કુમાર બિહારમાં એક સાથે મળીની ચૂંટણી લડવા માંગે છે. બિહારમાં આ વખતે ભાજપે નિતિશ અને લાલુને પછાડી દેવાની તૈયારી શરૂ કરી છે.

